# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્યના 65-મા સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આજે પંચમહાલના ગોધરામાં કરાશે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , આ અમૃતકાળમાં ગુજરાત મૉડેલ સ્ટેટ બનશે.**
3. **ખેડાના કનીજ ગામમાં મેશ્વો નદીમાં છ બાળકો ડૂબી જતાં પાંચના મોત, એકની શોધખોળ ચાલી રહી છે.**
4. **અમૂલ દૂધના ભાવમાં પ્રતિલિટર બે રૂપિયાનો વધારો , રાજ્ય સહિત દેશભરમાં આજથી અમલી.**
5. **ગુજરાત સુપર લીગ ફૂટબોલની બીજી સિઝનનો આજથી અમદાવાદમાં આરંભ.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GUJARAT FOUNDATION DAY

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આજે રાજ્યના 65-મા સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે શ્રી પટેલ 649 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામની ભેટ આપશે.

આ પ્રસંગે શ્રી પટેલના હસ્તે પાવનધરા પંચમહાલ , વિઝન ડૉક્યૂમેન્ટ્સ – 2047 તેમજ ફ્લૉરા ઑફ ગુજરાત પુસ્તિકાનું વિમોચન કરાશે. ઉપરાંત રાજ્યમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારા છ મહાનુભાવોનું ગુજરાત ગરિમા પુરસ્કાર અને પંચમહાલમાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનારા 10 લોકોનું રાજ્યપાલશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાશે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

## (વૉઈસકાસ્ટઃ વિપુલ પુરોહિત, પ્રતિનિધિ, પંચમહાલ.)

---

# RUSHIKESH PATEL ON CASTE CENSUS

કેન્દ્ર સરકારે આગામી વસતિ ગણતરીમાં જાતિગત વસતિ ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગઈકાલે યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની રાજકીય કાર્યવાહી સમિતિ દ્વારા આ નિર્ણય કરાયો હતો. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ નિર્ણય અંગે પ્રતિક્રિયા આપી હતી.

## (બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તામંત્રી)

---

# CM MESSAGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , આ અમૃતકાળમાં ગુજરાત દેશ અને વિશ્વને વિકાસનું આગવું દિશાદર્શન કરનારું મૉડેલ સ્ટેટ એટલે કે , આદર્શ રાજ્ય બનશે. રાજ્યના 65-મા સ્થાપના દિવસની નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતા અને પ્રજાજોગ સંદેશમાં ગઈકાલે શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું , રાજ્યના ઘડતરમાં યોગદાન આપનારા સૌના સ્મરણનો અવસર આ ગુજરાત ગૌરવ દિવસ છે.

શ્રી પટેલે કહ્યું, આ વર્ષનો ગુજરાત ગૌરવ દિવસ આપણા માટે પથદર્શક છે. એક દાયકા પછી 2035માં રાજ્યની સ્થાપનાનો હિરક મહોત્સવ આપણે ઉજવીશું. આગામી દાયકાને "ઉત્કર્ષ ગુજરાત હિરક મહોત્સવ " તરીકે ઉજવવાની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. આ મહોત્સવ ગુજરાતીઓના સન્માન સાથે સમૃદ્ધ ઈતિહાસ તથા સાંસ્કૃતિક મૂલ્યોની ઉજવણીનો જનઉત્સવ બનાવવાની નેમ છે.

---

# KHEDA- DUBI JATA MOT

ખેડાના કનીજ ગામમાં મેશ્વો નદીમાં છ બાળકો ડૂબી જતાં પાંચના મોત થયાના અહેવાલ છે. ગઇકાલે નદીમાં નાહવા ગયેલા છ બાળકો ડૂબી ગયા હોવાનું જણાયું હતું. અગ્નિશમન દળની ટુકડી દ્વારા પાંચ બાળકોના મૃતદેહ બહાર કઢાયા

છે. જ્યારે એક બાળકની શોધખોળ ચાલી રહી છે. આ અંગે જિલ્લા કલેકટર અમિત યાદવે માહિતી આપી

**(બાઈટ - કલેકટર)**

---

# INDIA WAVES SUMMIT

મુંબઈમાં આજે પહેલા વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન- વેવ 2025નો પ્રારંભ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ ચાર દિવસના સંમેલનનું ઉદ્ઘાટન કરશે. આ સમારોહ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન ઉદ્યોગના ભવિષ્યની ચર્ચા માટે વૈશ્વિક મંચ ઉપલબ્ધ કરાવશે. સંમેલનની વિષયવસ્તુ કનેક્ટીંગ , ક્રિએટર્સ, કનેક્ટીંગ કન્ટ્રીઝ છે.

સંમેલનનો ઉદ્દેશ ભારતને મીડિયા , મનોરંજન અને ડિજિટલ નવીનતાના વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. આમાં ફિલ્મો , ઓટીટી, ગેમિન્ગ, કૉમિક્સ, ડિજિટલ મીડિયા, કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I., પ્રસારણ અને ઉભરતી ટૅક્નોલૉજીને સાથે લઈ આ ક્ષેત્રમાં ભારતની ક્ષમતાનું પ્રદર્શન કરાશે. પ્રધાનમંત્રી ક્રિએટો-સ્ફીયરની મુલાકાત લેશે અને કેટલાક ક્રિએટર્સ સાથે સંવાદ પણ કરશે.

---

# KUTCH BHARATI

રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની સ્પેશિયલ ભરતી કરાશે. સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ જણાવ્યું, ધોરણ એકથી પાંચ પ્રાથમિક વિભાગમાં વધારાની 2 હજાર 500 જગ્યાઓ પર સીધી ભરતી કરાશે.

ઉપરાંત ધોરણ છથી આઠના ઉચ્ચ પ્રાથમિક વિભાગની સાત હજાર જગ્યાઓ પૈકી કચ્છ જિલ્લા માટે એક હજાર 600 જગ્યાઓ પર ભરતી કરાશે. શ્રી પાનશેરીયાએ ઉમેર્યું, આ જગ્યાઓ પર નિમણૂક મેળવવા ઈચ્છુક ઉમેદવારે સમગ્ર નોકરી દરમિયાન કચ્છ જિલ્લામાં જ ફરજ નિભાવવી પડશે.

---

# AMUL BHAV VADHARO

અમૂલ દૂધના ભાવમાં પ્રતિલિટર બે રૂપિયાનો વધારો કરાયો છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજે પહેલી મેથી આ ભાવ વધારો લાગુ થશે. આણંદના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે , ગુજરાત કો-ઑપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ-અમૂલ દ્વારા 11 મહિના બાદ દૂધના ભાવમાં વધારો કરાયો છે.

હવે આજથી અમૂલ સ્ટાન્ડર્ડ દૂધનું 500 મિલિલિટરનું પાઉચ 31 , અમૂલ ગોલ્ડનું પાઉચ 34 , ગાયના દૂધનું પાઉચ 29 , શક્તિનું પાઉચ 31 , બફેલો દૂધનું પાઉચ 37 અને અમૂલ ટી સ્પેશિયલનું પાઉચ 32 રૂપિયામાં મળશે. આ પહેલા જાન્યુઆરીમાં દૂધના એક લિટરના પાઉચ પર એક રૂપિયાનો ઘટાડો કરાયો હતો.

---

# HAVAMAN

રાજ્યમાં ત્રણથી છ મે દરમિયાન વરસાદની આગાહી છે. જ્યારે કચ્છ , મોરબી, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં અતિશય ગરમી પડવાની એટલે કે હિટવેવની શક્યતા છે. દરમિયાન આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે તેમ હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: A.K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

દરમિયાન રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમરેલી , રાજકોટ અને અમદાવાદમાં નોંધાયું હતું. જ્યારે કંડલા હવાઈમથક, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું હતું. આ સિવાયના જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો 43 ડિગ્રી સેલ્સિયસથી ઓછો રહ્યો છે.

---

# GSL LEGUAE

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોસિએશન દ્વારા આયોજિત ગુજરાત સુપર લીગની બીજી સિઝનનો આજથી આરંભ થ ઈ રહ્યો છે. આ ચેમ્પિયનશીપમાં અમદાવાદ એવેંન્જર્સ, ગાંધીનગર જાયંટસ, કર્ણાવતી નાઇટ્સ, સૌરાષ્ટ્ર સ્પાર્ટ્ન્સ, સુરત સ્ટ્રાઈકર્ષ એન્ડ વડોદરા વોરિયર્સ એમ કુલ છ ફ્રેંચાઇજીની છ ટીમ ભાગ લઇ રહી

**છે. આગામી 13 મે સુધી આ ટુર્નામેન્ટ અમદાવાદના ટ્રાંસ્ટેડિયાના એકા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે રમાશે.**

**આજની પ્રથમ મેચ સાંજે 7.00 કલાકે ગાંધીનગર જાયંટસ અને વડોદરા વોરિયર્સ વચ્ચે રમાશે.**

---

# POST DEPARTMENT MoU

**રાજ્યમાં પેન્શનધારકોને હવે હયાતી એટલે કે લાઈફ સર્ટિફિકેટની ખરાઈ માટે બેન્ક કે કચેરીમાં જવું નહીં પડે. તેમને હવે હયાતીની ખરાઈની સેવા વિનામૂલ્યે ઘરઆંગણે જ ઉપલબ્ધ થશે. રાજ્યના પાંચ લાખથી વધુ પેન્શનધારકોને આ સેવાનો લાભ મળશે. આ સુવિધા માટે નાણામંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં ગઈકાલે નાણા વિભાગ અને ઇન્ડિયા પૉસ્ટ પેમેન્ટ બેન્ક- I.P.P.B. વચ્ચે સમજૂતી કરાર- MoU કરાર થયા છે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપી.**

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી, રાજ્ય સરકાર)**

---